સરકારશ્રી તરફથી સર્વિસ ટેક્ષ કે અન્ય ટેક્ષ ભરવાના થતાં હશે તો બોર્ડ લગાડનાર પેઢી કે સંસ્થાએ તે ટેક્ષ ભરવાના રહેશે.

(૩) સર્વિસ ટેક્ષ સિવાયના ભાવો આપવાના છે.અર્થાત સર્વિસ ટેક્ષ ટેન્ડર ભરનારે ચુકવવાનો રહેશે.નગરપાલિકા તેના માટે જવાબદાર રહેશે નહી.

(૪) જે પાર્ટીને ટેન્ડર મળશે તેણે એક (૧) વર્ષ ના ભાડા લેખે દર વર્ષે એડવાન્સ ભાડું ભરવાનો રહેશે.

(૫) ન્યાય ક્ષેત્ર ભુજ રહેશે.

આમ ઉપરોકત જણાવેલ શરતો અને નિયમો મુજબ આ કામના પક્ષાકારોએ આ કરાર કરી અને પ્રથમ પક્ષકાર વાળા બીજા પક્ષકારવાળાને લખી આપી બંધાય છેઅને કબુલાત આપે છે અને જે બીજા પક્ષવાળા કબુલાત નો સ્વીકાર કરે છે.

આ કરાર એ રૂ.૫૦૦/– ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર પર કરવામાં આવેલ છે.અને જેમાં બંને પક્ષ વાળા દ્વારા પોતાની સહમતી અને કબુલાત બદલ બે સાક્ષીઓની હાજરીમાં પોતાની સહી કરી આપી અને આ કરાર નોટરી સમક્ષ ભુજ–કચ્છ.મુકામે એટેસ્ટેડ કરવામા આવેલ છે.આ અસલ કરાર એ બીજા પક્ષ વાળાના કબજામાં રહેશે.

આ કરાર એ બંને પક્ષે પરસ્પરની સંમતીથી,કોઈ પણ જાતના લોભ–લાલચ,શેહ–શરમ,કે દબાણ વિના સ્વેચ્છાએ,ઈચ્છા મુજબ અને બંને પક્ષકાર ધ્વારા નકકી થયા મુજબ કરવામાં આવેલો છે.આ કરારમાં જણાવેલ તમામ હકીકતો બંને પક્ષવાળાએ વાંચેલ છે.સમજેલ છે,અને કબુલ મંજુર અને બંધનકર્તા હોઈ,બે સાક્ષીની હાજરીમાં આજરોજ બંને પક્ષવાળાએ સહી કરેલ છે.

તારીખ: 9 SEP 2015

સાક્ષી:



(પ્રથમ પક્ષકાર)

(બીજા પક્ષકાર)



NOTARIAL NOTARIAL

BEFORE ME

RANJITSINH M. BHATTI
NOTARY
GOVT. OF INDIA

9 SEP 2015